ચાલના ભવાંતરો મુક્ત જીવાત્મા વિક્રમસીના વીરત્વને ઝિલ્લાવવામાં આવ્યું છે. આ બધાં કાવ્યોમાં છંદ નેમાનીમાં ચારણી છટા જોઈ શકાય છે. કવિએ કોયર-ભવદારોનાં જીવદયાનાં કાર્યોનો ગુણાનુવાદ કરતાં વચ્ચે ખંભાતના બાબરૂલી વિદ્યાનાં કાજો ઠેઠ ઠોયાના ઉલ્લેખો મળે છે.

કવિની શ્રાવકાચાર કૃતિઓમાં શ્રેણિક અને અભયકુમારના બુદ્ધિ ચાતુર્યની કથા પ્રાણાદિક રીતે કહેતી તે ક્યાંચિત વર્ણન, સુભાષિત વગેરેમાં કવિની શક્તિ પ્રગટ કરતી, મુખ્યત્વે વસ્તુ, દુહા અને ચોપાઈની ૩૬૮ કડીની 'શ્રેણિકઅભયકુમાર-ચરિત્ર-અભયકુમાર શ્રેણિક-રાસ/પ્રબંધ/ચોપાઈ' (મુ.), એ ૮૪ ઢાલોએ રચાયેલી ૧૮૬ કડીની 'જંબૂસ્વામી પંચભવ ચરિત્ર/ચોપાઈ/પ્રબંધ' (ર. ઈ. ૧૪૬૬/સં. ૧૫૨૨, આસો સુદ ૧૧; મુ.), આશરે ૩૧૦ કડીની 'શ્રાવક-ચારિત્રસમ્યક્ત્વમારણાદિ કુલક-ચોપાઈ' (ર. ઈ. ૧૪૩૮/સં. ૧૫૩૪, આસો સુદ ૧૧), આશરે ૧૮૦ કડીનો 'અવક્તવ્ય-રાસ/સવૈયો', ૨૩૩ કડીની 'સેલિંગુરુ-પ્રબંધ', મનોભાવનિરૂપણ અને કલ્પના-ઉત્પ્રેક્ષાયોગમૂલક ભાષાપ્રયોગોથી ભાન ગેયની ૧૦૨ કડીની 'ચંદન બાલાચરિત્ર-ચોપાઈ/રાસ' (મુ.) અને 'ગજસુકુમારી-ચોપાઈ' (ર. ઈ. ૧૪૬૬)નો સમાવેશ થાય છે. સંભવતઃ ૭ ગાથાકડની 'પુણ્યપાપ ફલ તથા જીવદર્શન-ચોપાઈ' પણ શક્યાનાક કૃતિ ગણી શકાય છે.

૪૧ કડીની 'પાર્શ્વનાથ-કુલાઉલા-રાસ' અને ૧૮ કડીની 'શત્રુંજય-ચૈત્યપરિપાટી' (મુ.) એ તીર્થવર્ણનની કૃતિઓ, ૩૬ કડીની 'સ્થૂલિભદ્ર-કક્કાવલી', દીક્ષિત થયા પછી કોમને પુનર્જન્મ પામેલ પૂર્વ ભવની પત્ની સાથે લગ્ન કરવા પડ્યાં તે આદ્રકુમારને ત્યાં પુત્રજન્મ થાય છે અને તે પુત્ર નિશાળે જાય છે ત્યાં સુધીનું વર્ણન કરતી ૨૭ કડીની 'આદ્રકુમાર-ભવલ/વિવાહલો' (મુ.), 'આદ્રકુમાર સૂડ', ૧૯ કડીની 'બાલચ્ચાકુમાર-સઝાય/ગીત /રાસ'(મુ.),૧૫ કડીની 'કલાવન્નાર-વિવાહલો' (મુ.) તથા 'ગ્યાન-પૂજા' (મુ.) કવિની અન્ય ઉલ્લેખનીય કૃતિઓ છે. એ ઉપરાંત કવિએ ૧૨ કડીનો 'નવકારમહામંત્ર-પ્રબંધ' (મુ.), ૧૦ કડીનો 'સ્થૂલિભદ્ર-છાહલો' વગેરે ગેયત્વ, ભાષા, ગીત જેવા પ્રકારોનો તીર્થ-તીર્થંકરાદિ-વિષયક તેમ જ બોધાત્મક કૃતિઓ (લોકો મુ.) તથા હરિયાળીઓ રચેલી છે.

કવિની કૃતિઓની ગેયતા એની સંગીતજ્ઞતાનું સૂચન કરે છે.

કૃતિઓ : ૫ ડિક્રેટલોગબાર્ડ : ૧૯(૨)–૧ ગીત; ૨. નરસ્વાધ્યાય : ૩; ૩. પ્રાચુકારસંગ્રહ; ૪. વિસ્તાપૂજાસંગ્રહ; ૫. સજ્ઝાય સંગ્રહ : ૧, સં. ભગવાનદાસ, સં. ૧૯૩૮; [] ૬. જૈનયુગ, પોષ ૧૯૯૩–'શત્રુંજયની કોક ઐતિહાસિક બીના-વિક્રમસી ભાવસાર સુપદિ', સં. મોહનલાલ દ. દેસાઈ; ૭. જૈનયુગ, વૈશાખ-જેઠ ૧૯૯૬, 'સમયસારચંદ્રો કડીબંધ', સં. મોહનલાલ દ. દેસાઈ (+સં.) ૮. સ્વાધ્યાય, ઑક્ટો. ૧૯૬૫ 'દેવાનંદકૃત જંબૂસ્વામિપંચભવચરિત્ર' સં. ઉમાકાન્ત પ્રે. શાહ, ચોમાસાઈ મુ. પારેખ (+સં.); ૯. સ્વાધ્યાય, ઑગસ્ટ ૧૯૭૩- 'કવિ દેપાલકૃત શ્રેણિક અભયકુમાર ચરિત', સં. ચાંદચંદ બ. ગાંધી; ૧૦. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૪- 'કવિ દેપાલકૃત જીનસાલ રાસ', સં. અમરચંદ નાહટા, ભંવરલાલ નાહટા (+સં.); ૧૧. સ્વાધ્યાય, એપ્રિલ ૧૯૭૭-'કવિ દેપાલકૃત ચંદનબાળા ચઉપઈ', સં. વિનાની પોરા (+સં.).

સંદર્ભ : ૧. જૈનસંગ્રહ : ૧; ૨. નવકવિઓ; ૩. પ્રાકારપરંપરા; [] ૪. જૈનયુગ, વૈશાખ ૧૯૮૨-'શ્રી શત્રુંજયતીર્થનો ઉદ્ધાર સમરસિંહ', લાલચંદ ભ. ગાંધી. [] ૫. જૈનપુસ્તિકાઓ : ૧, ૩(૧,૨); ૬. જૈનગૂર્જરકવિઓ : ૧; ૭. મુપુગૂહસૂચી; ૮. હેજેસૂચિ : ૧. [શ્રી.ત્રિ.]

દેમણ [ ] : કોમને નામે ૫૬ નોંધાયેલાં મળે છે.

સંદર્ભ : ૧. ગૂહયાદી; ૨. ફાઉનામાવલિ. [કી.જો.]

દેવજાદુ [ ] : જૈન શ્રાવક ઠોયા સંભવ. વઢવાણ અને ચોપાડીનાં ૧૬ ગુરુઓ સાથે આરંભ અંતમાં ૨ ચોપાઈ મળીને કુલ ૩૪ કડીના અને અગાઉ શ્રાવકપ્રધાન ગુજરાતી ભાષામાં રચાયેલા 'ગજસુકુમાલ-રાસ' (લે. સં. ૧૪મી સદી આસુ; મુ.)ના કર્તા. કૃતિ દેવેન્દ્રસૂરિના વચનથી રચાયેલી છે તે જગતચંદ્રસૂરિ શિષ્ય દેવેન્દ્રસૂરિ (અવ. ઈ. ૧૨૩૧) હોય તો કર્તા ઈ. ૧૨મી સદી ઉત્તરાર્ધમાં હયાત ગણાય.

કૃતિ : ૧. પ્રાચુકારસંગ્રહ [] ૨. રાજસ્થાન-ભારતી, જુલાઈ ૧૯૫૯-'જયસુકુમાર રાસ' સં. અગરચંદ નાહટા.

સંદર્ભ : મશરાસાહિત્ય. [કી.જો.]

દેવ : આ નામથી 'આદમદની સઝાય', ૧૫ કડીનો 'ચતુર્વિંશતિજિન-સ્તવન', ૮ કડીનો 'ઋષભજિનમતી-ગીત' તથા 'ઋષભાજમંડલ) સુમતિજિન સ્તવન' એ કૃતિઓ મળે છે. કયા દેવ છે તે નિશ્ચિત થઈ શકતું નથી.

સંદર્ભ : ૧. દેસુગસમાળા; ૨. મુપુગૂહસૂચી; ૩. ગસૂચી : ૧. [ર.ર.દ.]

દેવકલશ [ઈ. ૧૬મી સદી ઉત્તરાર્ધ] : ખરતરગચ્છના જૈન સાધુ. વાચકલક્ષ્મીના શિષ્ય. ઉપાધ્યાય ચારુકીર્તિ (અવ. ઈ. ૧૫૯૮)ની પ્રશસ્તિ કરતી ૪ કડીનો ગહુંલી (લે. ઈ. ૧૫૯૮; મુ.)ના કર્તા.

કૃતિ : ગોજેકાસંગ્રહ (+સં.). [કી. જો.]

દેવકલશ [ઈ. ૧૫૫૩માં હયાત] : ઉપકેશગચ્છના જૈન સાધુ. વાચક દેવકુમારની પરંપરામાં ઉપાધ્યાય દેવકલ્લોલના શિષ્ય. ૩૦૧ કડીનો 'ઋષિદત્તા-ચોપાઈ' (ર. ઈ. ૧૫૧૩)ના કર્તા.

સંદર્ભ : ૧. આલિસકાર્ડ : ૨; ૨. જૈનકવિઓ : ૧, ૩(૫); ૩. મુપુગૂપ્રસૂચી. [કી.જો.]

'દેવકીજીના છ પુત્રોનો રાસ' : અજ્ઞાત જૈન કવિ દ્વારા રચિત ૧૮ ઢાળની દુહા દેહોબદ્ધ આ કૃતિ (લિ.ઈ.૧૮૨૩; મુ.) મુખ્યત્વે હેમચન્દ્રાચાર્યના 'ત્રિષષ્ટિશલાકાપુરુષ-ચરિત્ર'ને આધારે દેવકીના છ પુત્રોનું જૈન પરંપરા અનુસારનું કથાનક વર્ણવે છે. જળકોની જોડમાં મિલા લેવા આવેલા સાધુઓ ગોમના સમાન રૂપને કારણે જાણે કૃષ્ણને આવ્યા હોય એવો ભાસ થતાં દેવકી પૂછે છે ત્યારે એ છએ ભાઈઓ હોવાનું જાણવા મળે છે. પોતાને આઠ પુત્રો થવાનું વરદાન હતું તે નિષ્ફળ ગયાની વેદના અનુભવતાં દેવકીને નેમિનાથ ભગવાન પાસેથી આ છએ પુત્રો પોતાના હોવાની

Jain Education International For Personal & Private Use Only www.jainelibrary.org